

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચૂંટણી જેમ ફિલ્મો પર પ્રચાર પર ચાલે છે,*
*ઈતિહાસ નહીં કલ્પના-વિચાર પર ચાલે છે,*
*નચાવે સેનાઓ એમ નાચે લાચાર પ્રોડ્યુસર -*
*ચર્ચા - વિવાદથી મળતા સંચાર પર ચાલે છે...*
*(ભણસાલીની 'પદ્માવતી' પ્રચાર લીલા)*

### હાઈકુ

*થયું નગર,*
*વાઈબ્રંટ વિલાસે,*
*કચરા પેટી...*

*લ્યો! ખોડંગાતું -*
*ખાલી જગ્યાઓ વડે,*
*દોડે છે તંત્ર!*
*(જાણે દિવ્યાંગ દોડ!!)*

### ચિંતન

*બારિ મથે ધૃત હોઈ બરૂ સિકતા તે બરૂ તેલ ।*
*બિનુ હરિ ભજન ન ભવ તરિઅ, યહ સિદ્ધાંત અપેલ ॥*

ઉપરોક્ત દોહો ઉત્તરકાંડમાંથી લેવામાં આવેલ છે.

ભલે પાણી મથવાથી ઘી મળે, અથવા રેતીને પીલવાથી તેલ નીકળે, પરંતુ હરિ ભજન વિના સંસાર સમુદ્રથી કદી તરી શકાય નહિં, એવો અટલ સિદ્ધાંત છે.

ઈશ્વરનું ચિંતન, સ્મરણ, ભક્તિ અને સદાચાર દ્વારા જ ધર્મનું પાલન અને ઈશ્વરની અનુભૂતિ થાય છે, એના સિવાય અન્ય કોઈ જ ઉપાય નથી.

આ વાત સમજાવવા તુલસીદાસજીએ અશક્ય અને અકલ્પ્ય ઘટનાઓની વાત કરી એ દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કર્યું છે.

### સુવિચાર

- બે બાબતોથી ડરો : એક તો ઈશ્વરથી અને બીજું જેને ઈશ્વરનો ડર નથી તેનાથી - **યહુડી કહેવત**
- ગરીબાઈ દુનિયાના કોઈ પણ છેડામાં હશે,
  તે કોઈ પણના વૈભવ માટે ભયરૂપ જ છે - **પુરુષોત્તમ માવલંકર**
- વિચાર અને અમલીકરણની વચ્ચે રહેલા સમયગાળાને દૂર કરો,
  તમારા સ્વયનો સાચે જ સિદ્ધ થશે - **મુંબઈ સમાચાર**
- સારા વિચારો સાથે સારૂં આચરણ આપોઆપ આવે છે
  સારા વિચારોનો આધાર સારં વાંચન અને શુદ્ધ આહાર પર છે - **નવનિત**
- કરૂણા અને ક્ષમા વગરની માનવતા પ્લાસ્ટિકના ફુલો જેવી રૂપાળી પણ મહેંક વગરની છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચી પ્રસન્નતા મેળવવા માટે તો બાળક જેવી પારદર્શિતા અને નિખાલસતા જોઈએ - **પ્રેમચંદ**
- આજનું ઓષધ : દાડમના દાણાનો રસ આંખમાં આંજવાથી આંખોનું તેજ વધે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજના 'આધ્યાત્મિકતા'ના રવાડે ચઢેલા યુવાનો લાઈબ્રેરીમાં જઈ ધાર્મિક ગ્રંથોના થોથામાંથી 'જ્ઞાન' મેળવી ધર્મના વ્યાખ્યાનો - કથાઓ કરી શકતા હશે ચર્ચા વિવાદ કરી શકતા હશે - પણ 'ઈશ્વર' જાણતા નથી હોતા 'ધર્મનું જ્ઞાન' અને 'ઈશ્વર'નું જ્ઞાન મેળવવુંમાં ખૂબ મોટો તફાવત છે. પત્નીના સૌંદર્ય વિશે ઝીણી ઝીણી રજે રજ માહિતી હોવી અલગ બાબત છે અને તેને હૃદયથી ઓળખવી એ અલગ બાબત છે.

એક યુવાને રમણ મહર્ષિ સાથે ધર્મનું સ્વરૂપ - ઈશ્વરના અસ્તિત્વ વિશે ખૂબ વાદ-વિવાદ કર્યો પણ ઈશ્વરના 'સાક્ષાત્કાર' નો સ્વીકાર કરતો જ ન હતો રમણ મહર્ષિ પણ તેની સાથે લમણાજીક કરી થાક્યા હતા. ત્યાં યુવાન બોલ્યો.

'જો ઈશ્વર હોય તો મને દેખાતો કેમ નથી? દેખાતા નથી એનો અર્થ જ એ કે 'ઈશ્વર' નથી...'

રામતીર્થ કહે જો ભાઈ, આમ તો હું તારું મગજ અને બુદ્ધિને પણ જોઈ શકતો નથી તેથી શું એમ માની લઉં કે તું બુદ્ધિ અને મગજ ધરાવતો નથી?

યુવક જવાબનો સાર સમજી ધીમેકથી, ત્યાંથી સરકી ગયો.

# અમેરિકાને ધર્મચુસ્ત બનાવવાનો ઈરાદો

**તંત્રીસ્થાનેથી...**

વૉશિંગ્ટન અને અબ્રાહમ લિંકનથી લઈ ઓબામા સુધીના ઉદારમતવાદી રાષ્ટ્રપ્રમુખોએ પ્રસ્થાપિત અને સંવર્ધિત કરેલી વિશ્વની શ્રેષ્ઠ લોકશાહીના શિરે ગ્રહણ લાગ્યું હોય એવા સંકેતો સાંપડી રહ્યા છે. અમેરિકા છેલ્લા સાત દાયકાથી વિશ્વની મહાસત્તાનું વણલખ્યું સમ્માન ભોગવતું રહ્યું છે. એના ઈશારે અડધી દુનિયા નાચતી રહી છે અને અડધી એની વિવિધ પ્રકારની 'રાજ-લીલા' એક સલામત અંતરે રહી નિહાળતી રહી છે. સમાંતર મહાસત્તા બનવાની સ્પર્ધામાં ઊતરેલ યુએસએસઆર - સોવિયેત રિપબ્લિકને એણે તોડી ફોડીને ઠેકાણે લાવી દીધું પણ દરમિયાન એશિયાની અસ્મિતા જાગી ઊઠી જેના પગલે ચીન અમેરિકા સામે ઘૂરાકિયાં કરતું થઈ ગયું. આ બધી પળોજણો વચ્ચે પણ અમેરિકાએ દુનિયાની જમાદારી કરવાનું તો ચાલુ જ રાખ્યું, જેની ફળશ્રુતિ લેખે એની આર્થિક ક્ષમતા કથળતી ગઈ. સવિશેષ એને મધ્યપૂર્વના દેશો વચ્ચે ચાલતા આંતરિક ઝઘડા તથા ઈસ્લામિક રાષ્ટ્રોની અવળચંડાઈને લીધે ઘણું બધું નુકશાન વેઠવું પડ્યું છે. દુનિયાભરમાં આતંકવાદે ઉપાડો લીધો હતો, પરંતુ પહેલી જ વાર ઓસામા બિન લાદેનના અલકાયદા સંગઠને અમેરિકાનું અભિમાન ઉતારી દીધું. એ ટાવર ધ્વંસની ઐતિહાસિક ઘટના પછી અમેરિકા પાસે ઈસ્લામિક આતંક સામે કડક થયા સિવાય બીજો વિકલ્પ જ કયાં બચ્યો હતો ? ઓબામા પહેલા કાળા અમેરિકન હતા જેમને પ્રજાએ સતત બે ટર્મ સુધી રાજપાટ સોંપી પરિસ્થિતિ થાળે પાળવા અને 'અમેરિકન ઈગો'ને થયેલ નુકશાનીની ભરપાઈ કરવા રાષ્ટ્રપતિના સર્વોચ્ચ સત્તાસ્થાને બેસાડ્યા હતા. પરંતુ દુનિયામાં આતંકવાદી પ્રવૃત્તિઓ તો વધતી જ ગઈ, જે ડોનાલ્ડ ટ્રમ્પ જેવા ભેજાગેપ વેપારી માટે અમેરિકાની ગોરી પ્રજાને આકર્ષવા માટેનું મોકળું મેદાન પૂરું પાડનારી નીવડી. ચૂંટણી સર્વેક્ષણો દરમિયાન નિવૃત્ત થઈ રહેલ રાષ્ટ્રપતિ ઓબામાએ તેમની ડેમોક્રેટિક પાર્ટીના પ્રશિષ્ટ મહિલા ઉમેદવારની તરફેણમાં વ્યાપર પ્રચાર કર્યા છતાં અને રિપબ્લિક ઉમેદવાર ટ્રમ્પ વિશેની અનેક નકારાત્મક બાબતો બહાર આવ્યાં છતાં ટ્રમ્પ જીત્યા અને હિલેરી હાર્યાં. રાજકારણના નવા નિશાળિયા અને જિંદગીભર અનેક ગોરખધંધા કરતી સ્મૃદ્ધિનાં શિખર આંબનાર ટ્રમ્પ ચૂંટણી પ્રચાર દરમિયાન સ્થાનિક ગોરાઓને અને ખ્રિસ્તીઓને અઢળક વચનો આપતા રહ્યા હતા. એ વચનોના અમલ માટે હવે એમની પાસે વ્હાઈટ હાઉસની અમાપ સત્તા છે. અમેરિકાને પુનઃ એની ગુમાવેલી ગરિમા પાછી અપાવવાના પોતાની કલ્પના મુજબના મનઘડત મક્કમ નિર્ધાર સાથે ટ્રમ્પ હાથીની ગતમાં પાછળ ભસતાં 'કૂકર'ની પરવા કર્યા વગર આગળ ધપવા કૃતસંકલ્પ લાગે છે. હમણાં હમણાં ટ્રમ્પની સલાહકાર મંડળી રૂઢિવાદી ખ્રિસ્તીઓની લાંબા સમયની માગણીને કાનૂની સંરક્ષણ મળી રહે એવા પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે. જો એ મુજબનો એક્ઝિક્યુટિવ ઓર્ડર નીકળશે તો અમેરિકાના લોકો અને એની સંસ્થાઓને ધાર્મિક ભેદભાવ રાખવાનો કાનૂની અધિકાર સાંપડશે. તે બધાં અન્ય ધર્માવલંબી લોકોનો નોકરી, સેવા અને અન્ય લાભો આપવાનો ઈનકાર કરી શકશે. ધર્મના આધાર પર નોકરી આપવાનો અને નહીં આપવાનો હક મળતાં અમેરિકા કોઈ મધ્યપૂર્વના ઈસ્લામિક દેશ જેવું ધર્મચુસ્ત રાષ્ટ્ર બની જશે એવી દહેશત સેવાઈ રહી છે. જો કે આ પ્રકારનો કાનૂન આવે તે પહેલાં જ ટ્રમ્પ વિરુદ્ધ વ્યાપક લોકમત કેળવાઈ રહ્યો છે. એક સર્વેક્ષણ મુજબ બાવન ટકા લોકો ઓબામાને ફરી રાષ્ટ્રપતિ પદે જોવા માગે છે. અમેરિકાના બંધારણ મુજબ રાષ્ટ્રપતિ પદે ત્રીજી ટર્મ મળી શકતી નથી તે જુદી વાત છે. પરંતુ ટ્રમ્પ શાસનને પ્રથમ ગ્રાસે જ માખી આવી ગઈ છે તે હકીકત છે. ધર્મ આધારિત નોકરીનો કાનૂન ભારતીય મૂળના અમેરિકાનોને નડી શકે છે.

# ૐ પછી 'શાંતિ' કેમ ત્રણ વાર બોલવામાં આવે છે?

**નવોદિત કોલમ**
**કાનન ઓઝા**

અવાજ રહિત નીરવતા એટલે શાંતિ. અવાજ જે સ્પંદનો ઊભાં કરે છે. તે સદાકાળ હવાનાં તરતાં રહે છે અને અશાંતિનો અનુભવ કરાવે છે. જે સ્થળે ખૂબ જ અવાજ હોય છે. તે સ્થળે વ્યક્તિ મૌન રહે તો પણ શાંતિનો અનુભવ નથી કરી શકતો. જો તમારે આ વાતનો અનુભવ કરવાનો હોય તો ઊંચાં પર્વત ઉપર આવેલા કોઈ ઊંચા સ્થળે જશો તો તરત જ તમને અપૂર્વ શાંતિનો અનુભવ થશે. કારણ કે એવા ઊંચા સ્થળે બહુ ઓછા લોકો હોય છે. માટે ત્યાં અવાજનાં સ્પંદનો હવાનાં તરતાં હોતા નથી.

મન અને હૃદયની સહજ અવસ્થા એટલે શાંતિ, મન અને હૃદયને ગમતી અવસ્થા એટલે પણ




શાંતિ. જ્યાં અશાંતિનો અંત આવે છે. ત્યાં અને ત્યારે શાંતિ અનુભવાય છે.

હવે સવાલ એ થાય છે કે આ રીતે શાંતિ, શાંતિ, શાંતિ ત્રણવાર બોલવાની પરંપરાનો હેતુ શું છે ? સંસ્કૃતિમાં કહ્યું છે કે 'ત્રિવરમ્ સત્યમ્' - એટલે કે કોઈ પણ વાત જો ત્રણ વખત કહેવાય તો સાચી ઠરે છે. આપણે જયારે કોઈ ને વાત સમજાવતા હોઈએ છીએ ત્યારે આપણે ભાર દઈને ત્રણવાર કહીએ છીએ.

શાંતિ માટેની આપણી તીવ્ર ઈચ્છા વ્યક્ત કરવા માટે આપણે ત્રણવાર શાંતિ બોલીએ છીએ. આ ઉપરાંત બીજી સારી રીતે સમજવા જેવી વાત એ છે કે આપણાં બધાં દુઃખ અને ઉપાધિઓ ત્રણ સ્તોત્રમાંથી ઉદ્ભવે છે.

- જેનાં ઉપર આપણું નિયંત્રણ નથી તેવાં ધરતીકંપ, પૂર, જવાળામુખી જેવા અદૃશ્ય દૈવી પરિબળો.
- અકસ્માત, પ્રદૂષણ, ગુનાખોરી, છેતરપીંડી જેવા આપણી આસપાસના વાતાવરણ પરિબળો.
- માનસિક અને શારીરિક પરિબળો જેવા કે બિમારી, નિષ્ફળતા. એ માટે આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ ત્રણ પ્રકારનાં દુઃખ ન આવે.

આ ત્રણ વાર શાંતિ બોલવામાં પહેલી વાર શાંતિ આપણે ઉચ્ચ સ્તરે બોલીએ છીએ. જે અદૃશ્ય શક્તિઓને સંબોધીને બોલવામાં આવે છે. એ પછી થોડા ધીમા સ્વરે શાંતિ આપણે આજુબાજુના વાતાવરણને ઉદ્દેશીને બોલીએ છીએ. અને છેલ્લી વાર 'શાંતિ' આપણી જાતને જ સંબોધીનો બોળવાની હોવાથી અતિ ધીમા સ્વરે બોલીએ છીએ.

શાંતિ
શાંતિ
શાંતિ.



# સૂઝ-સમજ, સંવેદના અને સંસ્કારનો ત્રિવેણી સંગમ : ડૉ. વિરમભાઈ ગોઢાણિયા




**મોરપીંછના રંગ**
**ડૉ. કનૈયાલાલ ભટ્ટ**



આપણા જીવનમાં ઘણી વ્યક્તિઓ એવી આવતી હોય છે કે જેને આપણે જીવનભર ભૂલી શકતા નથી હોતા. આવી વ્યક્તિઓ આપણી ચેતનામાં એક અમીટ છાપ છોડી જતી હોય છે. હું ભારતભરમાં ફર્યો છું. અનેક રાજયોની યુનિવર્સિટીઓમાં, કૉલેજોમાં, શૈક્ષણિક સંકુલોમાં રહ્યો છું પણ આમ છતાંય હું ખુબ ઓછી વ્યક્તિઓથી પ્રભાવિત થયો છું.

વર્ષ ૨૦૧૬ના નવેમ્બર મહિનાનું છેલ્લું અઠવાડિયું. મારે એક '' હિંદી નવલેખક શિબિરના આયોજન સંદર્ભે પોરબંદરની ગોઢાણિયા મહિલા કૉલેજમાં જવાનું થયેલું. એ વખતે ત્યા આ સંસ્થાના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાને પ્રથમવાર મળ્યો.

પ્રથમ નજરે જેમના પ્રેમમાં પડી જવાય એવું પ્રભાવશાળી — સસ્મિત — મોહક અને ચૂંબકીય વ્યક્તિત્વ. આવી વ્યક્તિઓ મને જીવનમાં બહું ઓછી મળી છે. આટલું સમૃદ્ધ બાહ્ય વ્યક્તિત્વ ધરાવતા વિરમભાઈ ગોઢાણિયાના એકદમ સ્વચ્છ અને સુઘડ વસ્ત્રો, માથે સુંદર રીતે ગોઠવાયેલા વાળ, શુદ્ધ શ્વેત વસ્ત્રો ઉપર કાળારંગની કૉટી, એકદમ ક્લીન સેવવાળા ચહેરા પર હંમેશાં ફરકતું કોહિનુર હીરા જેટલું કિંમતી મોહક સ્મિત. વ્યક્તિની સંપતિની કિંમત આંકી શકાય છે પણ સ્મિતની કે સુંદર સ્વભાવની નહીં આવી સંપતિ ધરાવતા બહું ઓછા ધનવાનો આ દુનિયામાં જોવા મળે છે. આવા અદભુત ઈશ્વરીય વરદાન જેવા સ્મિત અને સુંદર સ્વભાવ ધરાવતા ડૉ. વિરમભાઈ ગોઢાણિયા ૭૫ વર્ષે પણ ચૂંબકીય વ્યક્તિત્વ ધરાવે છે. અને સ્ત્રીઓ જ નહી પણ પુરુષો પણ એમના પ્રેમમાં પડી જાય એવું એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ.

આજે આખી દુનિયાને જીતવાનું એક માત્ર બ્રહ્માસ્ત્ર હોય તો તે છે 'સ્મિત' જે ડૉ. વિરમભાઈ ધરાવે છે. એ કોઈની સાથે વાત કરે છે ત્યારે એમની આંખોમાંથી નીકળતા ''ક્ષ'' કિરણો સામેની ગમે તેવી ધૂરંધર વ્યક્તિને પોતાના વશમાં કરી લે છે અને સામેની વ્યક્તિના હદયમાં એક પ્રકારની સંવેદના અને સન્માન જન્માવે છે. વિરમભાઈ એટલે આત્મવિશ્વાસથી છલકતા મીઠા જળનો દરિયો જાણે. આ વિરમભાઈ આમ જોઈએ તો જન્મથી વિદેશની ધરતી પર જ રહ્યા છે. બાળપણના વર્ષો કેન્યામાં અને ત્યાર પછી લંડનમાં એ સ્થિર થયા અને ત્યા હોસ્પિટલ ખોલીને આજે અનેક લોકોના સ્વાસ્થ્યની રક્ષા કરે છે. આરંભના વર્ષોમાં જીવનનો ખુબ જ સંઘર્ષ કરીને મધ્યમવર્ગમાંથી આજે સમૃદ્ધિના શીખરે બિરાજતા ડૉ. વિરમભાઈની સમૃદ્ધિ માત્ર એમના પરિવારને જ નથી ફળી. પણ આખા સમાજને ઉપયોગી થઈ છે. પોરબંદરમાં આજથી પચ્ચીસેક વર્ષ પહેલા શહેરની મધ્યમાં એક શૈક્ષણિક સંસ્થાની સ્થાપના થાય છે. સાડા છ એકરના વિશાળ વ્યાપમાં આ સંસ્થાના મુખ્ય દાતા તરીકે આગળ આવીને ડૉ. વિરમભાઈ ગોઢાણિયા શિક્ષણનો મહાયજ્ઞ આરંભે છે. એ સમય એવો હતો કે પોરબંદરના આસપાસના વિસ્તારોમાં મહિલા શિક્ષણનો દર ખુબ ઓછો. વળી સંયૂક્ત શિક્ષણને કારણે પણ આ વિસ્તારના વાલીઓ પોતાની દીકરીઓને કૉલેજ શિક્ષણથી વંચિત રાખતા હતા. એવા સમયે આ સ્થિતિ કળી જઈને માત્ર મહિલા શિક્ષણ ઉપર ભાર મૂકીને આ સંસ્થા શરુ થાય છે. અને જોત જોતામાં આજે આ સંસ્થા, કૉલેજ, સંકુલ એક વિશાળ વડલો બની જાય છે. જેમાં અત્યારે પાંચ હજારથી વધુ વિદ્યાર્થિનીઓ જુદી જુદી ફેકલ્ટીઓમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાના જીવનમાં ઉજાસ પાથરે છે. દીકરી બે ઘરનો દીવો કહેવાય છે. એ રીતે જોઈએ તો દર વર્ષે અહીં હજારો ઘરના દીવડાઓની જ્યોત પ્રકાશમય થાય છે જીવનના અનેરા જ્ઞાનથી. અહી આ સંકુલમાં વિદ્યાર્થિનીઓ માટે અલગ વિશાળ હોસ્ટેલ પણ છે. જ્યા આજે લગભગ એકાદ હજાર જેટલી છોકરીઓ ઘરની જેમ રહીને શિક્ષિત બને છે. આ હોસ્ટેલમાં પુરુષોને પ્રવેશવાની મનાઈ છે. દર સપ્તાહે અવનવા શ્રમયજ્ઞ થાય છે. સ્વરક્ષા અને પરિશ્રમની તાલીમ અહી આપોઆપ મળે છે. અહી મોબાઈલનો ઉપયોગ સદંતર બંધ છે. આ યુગમાં યુવાન છોકરા કે છોકરી પાસે મોબાઈલ ના હોય એ ના માની શકાય એવી ઘટના છે. પરંતુ અહી મોબાઈલ વિના એક હજારથી વધુ વિદ્યાર્થિનીઓ હસતા હસતા ઉચ્ચ શિક્ષણ મેળવી રહી છે. અહી માત્ર શિક્ષણના સંસ્કારથી સંચિત કરવામાં આવે છે. અહીં સાડા છ એકરની જમીન ઉપર અને સાડા છ હજાર એકરના આકાશ નીચે અત્યાધૂનિક ઈમારતોમાં છેલ્લા પચ્ચીસેક વર્ષથી શિક્ષણનો મહાયજ્ઞ આરંભાયો છે. અને આટલા વર્ષોમાં આ સંસ્થાની બીજી અગિયાર જેટલી શાખાઓ પણ આ સેવા યજ્ઞમાં પોતાનું યોગદાન આપપી રહી છે.

આવી ઉચ્ચતમ સંસ્થાના પ્રમુખ ડૉ. વિરમભાઈ પ્રેમની સાથે સાથે વ્યવસ્થાના પણ માણસ છે. તેઓ વ્યવસાયે ભલે ડોકટરીનું ભણ્યા હોય પણ દુનિયાના વિવિધ દેશોના અગણિત લોકોને મળીને એમના મનને, સમાજને, સંસ્કારને, સ્વભાવને પણ તેઓ ભણ્યા છે. અને પરિણામે તેઓ સામેના માણસને જોંતાવેંત જ એના મનને કળી જાય છે. એના વિચારને જાણી જાય છે. કોઈ એક્ષ રે મશીનમાં અંદરની છબી ઝિલાય એમ ડૉ. વિરમભાઈના મનમાં સામેના માણસના વિચારોની છબી ઝિલાઈ જાય છે. આમ છતાંય તેઓ દરેક અજાણ્યા માણસને પણ એક સન્માનથી જ મળે છે. સાંભળે છે અને યોગ્યતા મુજબ એને સાથ પણ આપે છે. જીવનનો મોટો ભાગ વિદેશમાં વિતાવ્યો હોવા છતાંય ભારતીય સંસ્કૃતિને અને સંસ્કારનું ગૌરવગાન ગાતા ડૉ. વિરમભાઈ કુશળ વહિવટકર્તા અને સાથોસાથ કુશળ હદયકર્તા પણ છે. કેમ કે તેઓ જરૂર પડ્યે હદયથી પણ વિચારી શકે છે. માત્ર બુદ્ધિ કહે, સમજણ કહે, શિક્ષણ કહે કે અનુભવ કહે એટલું તો સૌ કોઈ કરતું હોય છે. પણ આ વિરમભાઈ તો હદય કહે એમ પણ ક્યારેક કરે છે. કેમ કે એમને એમના હદય ઉપર અતૂટ વિશ્વાસ છે. આવી એમની સંવેદનશીલતાનો અનુભવ મેં તો મેળવ્યો જ છે. શરીર વિજ્ઞાનની ભાષામાં આપણે સૌ હદય ધરાવીએ છીએ અને આપણા સૌનું હદય ધબકે છે એ સત્ય છે પણ ખરેખર આ ટેક્નોલોજીના યુગમાં આપણા સૌના હદય પથ્થર જેવા થઈ ગયા છે. હદયે ધબકવાનું બંધ કરી દીધું હોય એવું લાગે છે ત્યારે સંવેદનાથી સતત ધબકતું હદય લઈને, સત્ય, સરળતા, સદભાવ અને સમરસતા જેવા ગુણો કેળવીને સંસ્થાના તમામ હોદેદારો, કર્મચારીઓમાં ખુબ લોકચાહના મેળવી છે.

શિખરે પહોંચવું ખુબ જ સહેલું છે. કોઈપણ વ્યક્તિ ધૈર્ય, સાહસ અને શક્તિથી શિખરે પહોંચી શકે છે. પરંતુ ત્યા પહોંચ્યા પછી એ જ જગ્યાએ ટકવું

અનુસંધાન પાના નં. ૭ પર

# લહેરો સે ડર કર નૌકા પાર નહિં હોતી, કોશિશ કરને વાલો કી કભી હાર નહિ હોતી...!!!

**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**



થોડા વખત પહેલા આમિરખાનની 'થ્રી ઈડીયટ 'ફિલ્મ આવેલી, મનોરંજનનો અપાર મસાલો ધરાવતી આ સુપરહિટ ફિલ્મનો રણછોડદાસ ચાંચડ મને ને તમને એક મસ્ત ફોર્મ્યુલા શીખવી ગયો...અને એ રાપચિક ફોર્મ્યુલા હતી નિષ્ફળ થવામાંથી સફળ થવાની. એ જ આમીરની દંગલ હમણા જ કરોડો રૂપિયા આસાનીથી કમાઈ ગઈ ત્યારે આમીરે કહેલી એક વાત ફરી યાદ આવી ગઈ. આમીર ઉવાચ કે 'મેં મારી કેરિયરમાં અનેકો ભંગાર અને ફ્લોપ ફિલ્મો કરી, આજે આટલો સફળ થયા પછી વિચારું છું કે મેં આવી ફિલ્મો શા માટે કરી ? પણ પછી એ સવાલની સાથે જ જવાબ મળી જાય છે કે જો મેં એવી ફ્લોપ ફિલ્મો ના કરી હોત તો આજે મને સફળતાની જે ગુરુચાવી મળી છે એ નાં મળી હોત...'!!! દાખલો ભલે આમિરનો આપ્યો હોય પણ હકીકત એ છે કે નિષ્ફળ ના થાવ તો સફળ થવાની ઓછી ગેરેંટી રહેવાની કારણ કે નિષ્ફળતાથી જ સફળતાની ઈમારતનો પાયો બનતો હોય છે. નિષ્ફળતા એ બીજું કઈ નહિ પણ સફળ થવા માટેની એલાર્મ બેલ જ છે કે જે મને ને તમને ગાઈ-વગાડીને યાદ કરાવે છે કે સફળ થવું છે ? તો બબુઆ યાદ રાખ તારી આ નિષ્ફળતાઓને...!!!

નિષ્ફળ ગયા વગર સફળ ગયો હોય એવો મહાપુરુષ કે મહાસન્નારી ભાગ્યે જ જોવા મળશે. યાદ કરી લેવા સફળ લોકોના કિસ્સાઓ કે પછી એમના જ મુખે કહેવાયેલી નિષ્ફળતાની વાતો. સચિનથી લઈને ધોની કે પછી ગાંધીજીથી લઈને નરેન્દ્ર મોદી કે પછી અમિતાભથી લઈને અંબાણી...આ બધા જ ક્યાંક ને ક્યાંક અને ક્યારેક ને ક્યારેક તો ફેઈલ ગયા જ છે. હા, એ અલગ વાત છે કે એ નિષ્ફળતાઓને ગળે વળગાડીને રડ્યા નથી પણ નિષ્ફળતાઓમાંથી કૈક ને કૈક બોધપાઠ શીખીને સફળતાની કેડી કંડારી છે. કોઈ સફળ વ્યક્તિને એમ પૂછો કે શું તમે ક્યારેય નિષ્ફળ ગયા છો ? તો મોટાભાગે જવાબ ' હા ' માં જ આવશે અને એ હા પણ એક નહિ અનેકો ઉદાહરણ સાથે હશે — ઓફ કોર્સ નિષ્ફળતાઓના ઉદાહરણ જ તો..!! અને એનું કારણ છે કે દરેક સફળતાના પડછાયા ચકાસો તો એક કે એકથી વધુ નિષ્ફળતાઓ છુપાયેલી જોવા મળશે.

આગળ આમીરની વાત કરી એમ જ સચિનની અનેક સદીઓ વચ્ચે એ કેટલીવાર ઝીરોમાં આઉટ થયો એનો રેકોર્ડ પણ છુપાયેલો છે... બચ્ચનની હીટ ફિલ્મોની ઓથે સાત હિન્દુસ્તાની જેવી સળંગ સાત ફ્લોપ ફિલ્મો છુપાયેલી છે... થોમસ આલ્વા એડીશને અનેકો નિષ્ફળ પ્રયત્નો પછી બલ્બની શોધ કરેલી પણ એ સફળ શોધના પાયામાં તો પેલી સેંકડો નિષ્ફળ થયેલી શોધો જ હતી...! ફેમસ બાસ્કેટબોલ પ્લેયર માઈકલ જોર્ડને પોતાની સફળતાની અદ્ભુત વ્યાખ્યા આપેલી કે 'જ્યારે હું રમવાની શરૂઆત ત્યારે હું સૌપ્રથમ મારી અંદર રહેલા એક નિષ્ફળ ખેલાડીની સાથે રમતો, મારી અંદર રહેલી નિષ્ફળ જવાની બીક ગણો કે ડર ગણો પણ એને હું જીતવાની ભાવનાથી પ્રોત્સાહિત કરતો અને અંતે મારામાં રહેલ નિષ્ફળ ખેલાડી એટલો જુજારું થઈ જતો કે એની નિષ્ફળ જવાની બીક પર મારી જીતવાની જીજીવિષા વિજય મેળવતી...'' જોર્ડનનું કથાન વાંચવામાં અઘરું લાગતું હોય તો કટ ટુ શોર્ટ વાત એ છે કે જે વ્યક્તિ સતત પોતાની નિષ્ફળતાઓને યાદ રાખીને એમાંથી સફળ થવાના પ્રયત્નો કરે એ પછીથી ક્યારેય નિષ્ફળ નથી જતો...સફળતા કદમ ચૂમે ચૂમે ને ચૂમે જ...!

નિષ્ફળ તો ઠીક છે મારા ભાઈ બધા જ થતા હોય છે પણ નિષ્ફળ ગયા પછી પણ પ્રયત્નો ચાલુ રાખે એ જ અંતે તો સફળ થવાના. સીધી ને સટ વાત છે દોસ્તો કે ભૂલ નિષ્ફળ જવામાં બિલકુલ નથી પણ નિષ્ક્રિય બેસી રહેવામાં છે. કશુક કર્યા પછી નિષ્ફળ જવાનો એટલો વસવસો નહિ થાય કે જેટલો વસવસો કશું જ કર્યા વગર નિષ્ફળ જવાનો થાય છે. નિષ્ક્રિય રહીને નિષ્ફળ જનારા માટે હાથવગું બહાનું છે નસીબ ! નસીબ નબળા બીજું શુ? આવું કહીને નિષ્ક્રિય વ્યકિત છટકી જશે પણ સફળ વ્યક્તિના મોઢે એમ નહિ સાંભળો કે નસીબથી સફળ થયો ! કારણ કે એણે સફળ થવા માટે પૂરતા પ્રયત્નો અને અત્યંત મહેનત કરી હોય છે. છતાં પણ કોઈ માણસ એમ કહે કે મેં ખૂબ પ્રયત્નો કર્યા, પૂરતી મહેનત કરી પણ હું સફળ ન થયો, તો એ દાદ ને કાબિલ છે કેમકે પ્રયત્નો તો કર્યા. પ્રયત્ન કરનારો જ સફળ કે નિષ્ફળ જાય છે. જે કંઈ જ નથી કરતો તે નિષ્ફળ નહીં પણ અયોગ્ય છે. પરીક્ષા આવી હોય ને રખડી ખાધું હોય એવાને નાપાસ થવાનો ગમ સતાવે કે નહિ પણ મહેનત કર્યા છતાં પણ નાપાસ થનારને એકવાતનો સંતોષ તો રહેવાનો જ કે ચાલો કશુક કર્યું ને નિષ્ફળ ગયા ને...! એ નિષ્ફળતાને પચાવીને કે એમાંથી ક્યા ભૂલ રહી ગઈ એનો બોધપાઠ લઈને એ વીરલો નેક્સ્ટ એકજામમાં સારા માર્ક્સ લાવવાનો જ કેમકે એની સફળતાની ગેરેંટી મહેનત કર્યા પછી પણ મળેલી નિષ્ફળતાના ડંખમાં છુપાયેલી છે. એટલે જ તો કોઈ પણ સફળ વ્યક્તિની સફળતા એણે કેટલી નિષ્ફળતાઓ પચાવી જાણી છે એના પર જ છે.

દુનિયા બનાનેવાલે ને કોઈ ઈન્સાન ઐસા નહિ બનાયા કી જે સદાયે નિષ્ફળ જ થયા કરે હા જેણે નિષ્ફળતાથી ડરીને પ્રયત્નો છોડી દીધા હોય એના માટે તો ઓહ માય ગોડે પણ હાથ ઊંચા કરી દીધા હોય છે! વોલ્ટ ડિઝની, હેન્રી ફોર્ડ, વિન્સ્ટન ચર્ચિલ અને થોમસ એડિસન તમામ શરૂના જીવનમાં નિષ્ફળ ગયા હતા. સ્ટીવ જોબ્સને એપલ કંપનીમાંથી હાંકી કાઢ્યા પછી દસ વર્ષ લાગેલા ફરીથી સફળ થતા પણ એ દસ વર્ષોની રખડપટ્ટી રૂપે મળેલી નિષ્ફળતાએ એને પ્રેરિત કર્યો વધુ સફળ થવા માટે. અબ્રાહમ લિંકન ધંધામાં નિષ્ફળ ગયા, વિધાનસભાની ચૂંટણી હાર્યા, નર્વસ બ્રેકડાઉનના શિકાર થયા,વાઈસ પ્રેસીડન્ટની ચૂંટણી હાર્યા, સેનેટમાં પણ પરાજય મળ્યો છતાયે અંતે અમેરિકાના પ્રમુખ બન્યા..કેમ ? કેમકે એમણે પ્રયત્નો નહોતા છોડ્યા અને ખાસ તો આટઆટલી નિષ્ફળતાઓ પચાવી

અનુસંધાન પાના નં. ૭ પર